**આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર, દેવગઢ બારીઆ અંતર્ગત " વિશ્વ આદિવાસી (મહિલા) દિવસ" તથા મહિલા સશકિતકરણ પખવાડીયું અંતર્ગત "મહિલા કલ્યાણ દિવસની" ઉજવણી**

આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર, દેવગઢ બારીઆ અંતર્ગત " વિશ્વ આદિવાસી (મહિલા) દિવસ" તથા મહિલા સશકિતકરણ પખવાડીયું અંતર્ગત **"મહિલા કલ્યાણ દિવસ"** ઉજવણી તા.૯/૮/૨૦૧૬ના રોજ આદિવાસી સંશોધન–વ–તાલીમ કેન્દ્ર, આકૃયુ, દેવગઢ બારીઆ ખાતે કરવામાં આવેલ. સદર કાર્યક્રમમાં ધાનપુર અને લીમખેડા તાલુકાની ૬૫ આદિવાસી મહિલાઓએ ઉત્સાહભેર ભાગ લીધેલ હતો. આ કાર્યક્રમના ઉદઘાટન પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે શ્રીમતિ કલાબેન કે. પરમાર, સભ્ય, સ્થાનિક સલાહકાર સમિતી,ટી.એફ.ડબલ્યુ.ટી.સી., અત્રેની કચેરીના યુનિટ અધિકારી ર્ડા.જી.જે.પટેલ તથા અન્ય કર્મચારી / અધિકારીગણ ઉપસ્થિત રહેલ.

કાર્યક્રમની શરૂઆતમાં ર્ડા. જી.જે.પટેલ, યુનિટ અધિકારીશ્રી / સંશોધન વૈજ્ઞાનિક ધ્વારા પ્રારંભિક ઉદબોદન તથા ગ્રામ્ય મહિલાઓમાં વિશ્વ આદિવાસી દિવસની તથા મહિલા કલ્યાણ દિવસની અગત્યતા બાબતે વિસ્તૃત માહિતી આપવામાં આવેલ. વિશેષમાં તેઓશ્રીએ આદિજાતી વિકાસ માટેની વિવિધ યોજનાઓ જેવીકે વનબંધુ કલ્યાણ યોજના, વન અધિકારી અધિનિયમ યોજના, ટેલેન્ટ પુલ વાઉચર યોજના, આદિવાસી વિસ્તારમાં જળસરક્ષંણ યોજના તથા સિંચાઈ સુવિદ્યા માટેની યોજના તેમજ આદિજાતી કુટુંબને આવક વધારવા, આદિજાતી મહિલાઓને દુધાળ પશુઓની સહાયક યોજના અંતર્ગત વિસ્તૃત માહિતીથી વાકેફ કરવામાં આવેલ.

મુખ્ય મહેમાન તરીકે શ્રીમતિ કલાબેન કે.પરમારે, બહેનોને "મહિલા કલ્યાણ દિવસ" અંતર્ગત કૃષિમાં મહિલાઓનો ફાળા બાબતે જાણકારી આપી. અત્રેની કચેરીના અધિકારી ર્ડા. જી.એન.થોરાત (મદદનીશ પ્રાધ્યાપક, પશુ વિજ્ઞાન કેન્દ્ર) ધ્વારા ખેતી અને પશુપાલનમાં આધુનિક તાંત્રિકતા ધ્વારા આદિજાતી વિસ્તારના ખેડૂતો અને પશુપાલકોનો સર્વાંગીં વિકાસ કેવી રીતે સાંધી શકાય તે વિશે વિસ્તૃત માહિતીથી ઉપસ્થિત મહિલાઓને વાકેફ કર્યા. દિપ્તી પી.પટેલ (રીસર્ચ એસોસીએટ) ધ્વારા આદિવાસી બહેનો માટે પોષણની અગત્યતાની વિસ્તૃત માહિતી આપી. સમારંભના અંતમાં શ્રી ડી.બી.રામજીયાણી (રીસર્ચ એસોસીએટ) ઉપસ્થિત તમામ બહેનો સાથે પ્રશ્નોતરી ધ્વારા તેઓના પ્રશ્નોના નિરાકરણ લાવી આભાર વિધિ સાથે કાર્યક્રમની પૂર્ણાહુતી કરવામાં આવી.








આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર
આણંદ કૃષિ યુનિવર્સિટી
વિશ્વ આદિવાસી (મહિલા) દિવસ